Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—આ સો—

પુસ્તક ૭૬ મું
અંક ૧૨
૨૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઇ. સ. ૧૯૬૦

★ ★

चितहं वि तहामुत्तिं,
जं गिरं भासए नरो ।
तम्हा सो पुट्ठो पावेणं,
किं पुण जो मुसं वए ?

ખોટી વાતને પણ સાચી જેવો ડોળ ચડાવીને બોલનારો મનુષ્ય પાપથી ખરડાય છે, તો પછી જે નરાતાલ ખોટું જ બોલે છે તેના માટે શું કહેવું ?

तहेव फरुसा भासा,
गुरुभूओवघाइणी ।
सच्चा वि सा न वत्तव्वा,
जओ पावस्स आगमो ।

તેજ પ્રકારે, પ્રાણીઓને ભારે આઘાત પહોંચાડે એવી કઠોર ભાષા કદાચ સાચી હોય તો પણ નહિ બોલવી, કારણ કે એવી કઠોર ભાષા બોલવાને લીધે ઘણી વાર પાપ થવાનો-લાગવાનો સંભવ છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૬ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | જીવના લક્ષણ .... .... .... .... .... | | ૧૨૯ |
| ૨ | જ્ઞાની ગુરૂનો ઉપદેશ .... | (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) | ૧૩૦ |
| ૩ | શ્રાવકની ઓળખ .... | ( ,, ) | ૧૩૦ |
| ૪ | કેવું આશ્ચર્ય ? .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૧ |
| ૫ | સ્વ-ભાવ .... .... | ( ,, ) | ૧૩૨ |
| ૬ | નમસ્કાર મહામંત્ર-મૌક્તિકમાલા : ૭ | (પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) | ૧૩૫ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ : ૩૦ | (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ.) | ૧૩૭ |
| ૮ | कविवर समयसुन्दर रचित अप्रकाशित गीत | (अगरचंद नाहटा) | १३९ |
| ૯ | તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો | (હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૧૪૧ |
| ૧૦ | વાર્ષિક અનુક્રમણિકા .... .... .... .... | | ૧૪૩ |


## ભેટ

આપણી સભાના ઉપપ્રમુખ વોરા ખાન્તિલાલ અમરચંદ તરફથી સભાને એક સરસ મેજ તથા વહીપૂજન માટેનું મોટું ફાનસ ભેટ મળેલ છે, જે માટે આભાર વ્યક્ત કરવામાં આવે છે.


**શારદાપૂજન વિધિ**

## જૈનવિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિ પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામીના છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જે મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારી છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત : એક આનો સો નકલના રૂા. સાડા પાંચ

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છે.

મૂલ્ય માત્ર આઠ આના લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૭૬ મું<br>અંક ૧૨ | આસો | વીર સં. ૨૪૮૬<br>વિ. સં. ૨૦૧૬ |
|---|---|---|


## જીવના લક્ષણ

(રાગ–આશાવરી)

વંદુ વીર પરમ ઉપગારી, શીર ચરણુમાં ધારી. વંદુ....ટેક
જીવાજીવના લક્ષણ જુદા, વાત વદયા વિસ્તારી,
ભુલેલાને ભેદ બતાવ્યો, જુદા મ્યાન કટારી. વંદુ....૧
કર્મભેદનો કર્તા આત્મા, ઉચર્યાં છે ઉપકારી,
ભોક્તા કર્મ હરેક ફળોનો, અન્ય નહી અધિકારી. વંદુ....૨
સંસર્તો જીવ ચાર ગતિમાં, કૃત કર્માનુસારી,
કર્મ પરિ નિવારક આત્મા, લક્ષણ એ વ્યવહારી. વંદુ....૩
દર્શન જ્ઞાન ચરણુ ને તપસ્યા, વિર્ય ઉપયોગ ધારી,
આતમ લક્ષણુ આતમ ધારે, નિશ્ચય નય નિરધારી. વંદુ...૪
ચેતના લક્ષણુ ચેતન ધારે, જડતા જડમાં ધારી,
જડ ચેતનના લક્ષણ દાખી, તત્ત્વ બતાવ્યું તારી. વંદુ...૫
દેહાતમને એક જ દાખે, અજ્ઞાની અવિચારી,
સમ્યગ્ તત્ત્વની સમજણ વીના, નરભવ નાખે હારી. વંદુ....૬
જીવ-તત્ત્વ પ્રતિતી પામ્યો, શંકાને સંહારી,
નારક, સ્વર્ગ, નીગોદ ને પરભવ, સર્વે વાત સ્વીકારી. વંદુ....૭
ચેતન લક્ષણ અખુટ ખજાનો, પેખ્યો સત્તા ભારી,
પ્રગટ સવાઇ પ્રાપ્તિ આપો, બુરી છે બેકારી. વંદુ....૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાની ગુરૂનો ઉપદેશ

(આશાવરી)

અબધુ સમ્યગ્જ્ઞાન ધર ચિત્તમે.
રાગદ્વેષ અંધકાર જે જગનો મમતા ભરી જે વિત્તમે;
રાગ મમતા છોડી જગની, કર ધારણ જિન રીતમે. અબધુ–૧

નૃપતિ એક પ્રમાદે બેઠો, મસ્ત રહ્યો નિજ ઘરમે,
સદ્ગુરૂ આવી કહે સુણ ભૂપતિ, છોડ દે રાગ જે જરમે. અબધુ–૨

આભતણા વિજળી ઝબુકારે, મોતી દોરો જે કરમે,
દોર પરોવ મોતી અંદર, જેમ સર્પ નિજ દરમે. અબધુ–૩

વિજ સમ સમ્યગ્જ્ઞાનને સમજો, મોતી જિન નામ સમરશે,
જીવનદારે જિન ભક્તિ કરતા આત્મ સાધન કરશે. અબધુ–૪

મનોહર જિન ભક્તિ પસાયે, પ્રગટ દિપક અંતરમે,
મનમોહન જબ દિપક પ્રગટે, જિન સ્થાન ભીતરમે. અબધુ–૫

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી

# શ્રાવકની ઓળખ

(વૈષ્ણવ જન તો તેને કહીએ એ–રાગ)

શ્રાવક જન તો તેને કહીએ. જે જિન આણા સીર ધરતો રે,
જિન આણા વિણ કદિ પણ પોતે, ડગ એક પણ નવિ ભરતો રે. ૧

દાન શીયલ તપ શુભ ભાવના પૂર્વક, ધરમ કરમ નિત્ય કરતો રે,
દાન શીયલ તપ કરતાં પોતે, ગરવ હૃદયે નવિ ધરતો રે. ૨

સર્વ જીવની દયા ચિંતવતો, અસત્ય નવિ કદિ બોલે રે,
અદત્ત તો નવિ ગ્રહણ કરે ને, શીયલમાં નહિ તસ તોલે રે. ૩

રાત્રિ ભોજન તો સ્વપ્ને ન હોવે, દિશી પરિમાણ વૃત કરતો રે,
પરિગ્રહનું પરિમાણ કરીને, અધિક નવિ સંઘરતો રે. ૪

ચૌદ નિયમ પોતે રોજ ધારે ને, અનર્થ નવિ આચરતો રે,
સમતામાં પોતે રોજ રહે કદિ, દિશાવગાસીક કરતો રે. ૫

પૌષધ વૃત પોતે શુદ્ધ પાળે ને, અતિથી જમાડી પોતે જમતો રે,
મનોહર મનમોહન જિન શ્રાવક, સંસાર સાગર તરતો રે. ૬

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેવું આશ્ચર્ય ?

(દોહા)

પલ પલ આયુ ઘટે દિસે, અમર ગણે નિજ દેહ,
અંધ બને આંખો છતાં, નવલ જગતમાં એહ. ૧
પર આગળ વૈરાગ્યની, વાતો લાંબી થાય,
નિજ ઉપર તે વીતતા, અક્કલ મારી જાય. ૨
લક્ષ્મીનંદન કેઇ થયા, ભીખારી ક્ષણ માય,
જોતા પણ અક્કડ થઈ, ફરે અંધ થઇ જાય. ૩
ઉઘાડી આંખે અહો, થઇ આંધળો જેહ,
ખાડામાં જઇને પડે, નવલ દિસે જગ એહ. ૪
સુંદર પુષ્ટ અને કડો, કંચન વરણો દેહ,
રોગ વિકલ ક્ષણમાં થનો, એમાં નહીં સંદેહ. ૫
પણ એને શણગારતા, પંપાળે ધરી પ્યાર,
જગમાં એ આશ્ચર્ય છે, મોહરાય કૃતિ ધાર. ૬
સહસ્રગમે જગમાં દિસે, દૃષ્ટાંતો દિનરાત,
બંધ કરી આંખો ધસે, નવલ જુઓ ઇમ વાત. ૭
ક્ષણ પૂર્વે રમતો હતો, ઘરમાં આનંદ પૂર,
થયો કાળનો કોળિયો, નષ્ટ થાય સહુ નૂર. ૮
સાક્ષાત્ નજરે જોઇને. અંધ થયા બહુ લોક,
ધર્મ ન ધારે ચિત્તમાં, જન્મ ગયો થઇ ફોક. ૯
ગર્વ ધરે નિજ બુદ્ધિનો. જે મૃત્પિંડ સમાન,
સૂરજ આગળ આગિયો, તુચ્છ ક્ષુદ્ર એ જાણ. ૧૦
બુદ્ધિનિધાન ગણે અહો, નિજને પંડિતરાજ,
જ્ઞાની આગળ એ દિસે, મૂર્ખતણો શિરતાજ. ૧૧
ગર્વજ્વર ઉતર્યો અહો, જ્ઞાનીને સહવાસ,
જાણ્યું નિજ પામરપણું, કેઇક થયા હતાશ. ૧૨
જ્ઞાન અનંત અપાર છે, બોલે જ્ઞાની એમ,
પણ એ મૂર્ખ શિરોમણી, ગર્વ ધરે મન નેમ. ૧૩
અંધ થઇ આંખો છતાં બકબક કરે અપાર,
દુર્ગતિમાં જઇ આથડે, બગડે સહુ સંસાર. ૧૪
બળ દાખે નિજ અન્યને, જાણે એ બલિરામ,
ધક્કા આપે અન્યને, મદથી ડરાવે ગામ. ૧૫
કાળતણો એ કોળીયો, થતા ન લાગે વાર,
તો પણ અંધ થઇ ફરે, નવલ જુઓ સંસાર. ૧૬
સુંદર રૂપ શશી જિશો, ક્ષણમાં થાય વિરૂપ,
ચિતામાંહે બળતો દિસે, એ સંસાર સ્વરૂપ. ૧૭
મોહમંત્રથી મુગ્ધ જે, ન સૂઝે તેને માર્ગ,
મદમાતો ફરતો દિસે, મૂઢતણું એ સ્વર્ગ. ૧૮

કવિ :
સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ-ભાવ

લેખક—બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર—માલેગામ

અગ્નિનો સ્વભાવ બાળવાનો છે. તેમ પાણીનો સ્વભાવ ઠંડક પેદા કરવાનો હોય છે. એ વસ્તુઓ પોતાનો સ્વભાવ છોડી શકતી નથી. કૂતરાની પૂંછડી ઘણા કાળ સુધી નળીમાં રાખી મૂકવામાં આવે તો પણ તે સીધી થઇ શકતી નથી. ઊંટના અઢારે અંગો વાંકા હોય છે. તે સીધા થઇ શકતા નથી. તેમ જુદા જુદા મનુષ્યોમાં જુદા જુદા પ્રકારની ભાવના અનેક જન્મોના સહવાસથી સ્થિર થએલી હોય છે. એને લીધે એ એના પોતાના અપરિવર્તનીય સ્વભાવ જેવા થઇ ગએલી હોય છે. એથી જ અમુક માણસ સાત્વિક અને સરળ સ્વભાવવાળો છે, અને અમુક માણસ ઘણો કપટી અને અંતરંગ ગૂઢ વિચારવાળો છે, એમ આપણે ગણીએ છીએ. કોઇને આપણે ક્રોધી ને કોઇને લોભી ગણીએ છીએ. તેમ કોઇ ઉદાર અને બીજો કંજુસ છે એવી આપણી કલ્પના થઇ જાય છે. એકાદ માણસ પંડિત જ્ઞાની ગણાય છે ત્યારે બીજો મહામૂર્ખ મનાય છે. ત્યારે આપણે એના અમુક સ્વભાવનું વર્ણન કરીએ છીએ. એના એવા નિત્ય આચરણથી એનો એવો સ્વભાવ જ છે. એમ આપણે માની લઇએ છીએ અમુક માણસ બોલશે તે ન્યાયસંગત જ બોલશે તેમ બીજા માણસ પાસેથી કોઇ યોગ્ય અને સાચી કલ્પનાની આશા પણ આપણે રાખતા નથી. એનું કારણ એટલું જ છે કે, દરેક માણસ જુદી જુદી ઘરેડોમાંથી ઘણા જન્મોમાં પસાર થએલો હોય છે. તેને લીધે તેને તેવા આચરણની ટેવ પડી ગએલી હોય છે. એવી રીતે એ ટેવ એના આત્મા સાથે એકરૂપ થઇ ગએલી હોય છે. તેથી જ તે એનો સ્થાયીભાવ થઇ ગયેલો હોય છે. એકાદ વિદ્યાર્થી ગુરુ પાસે વિદ્યા તરત ગ્રહણ કરી લે છે. અને થોડા વખત પછી એ ગુરુથી પણ ઉંચું જ્ઞાન મેળવી લે છે. ત્યારે બીજો વિદ્યાર્થી અનેક વર્ષો સુધી એક જ વર્ગમાં રહ્યા છતાં અને અનેકવાર એક જ પાઠ ભણવા છતાં એ જેવો ને તેવો જ રહી જાય છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે પાછળના ભવમાં તેનો અભ્યાસ અટકી ગયો હતો. તેની આગળ તે સુલભતાથી અને જલદી વધે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, સ્વભાવ બનવાની પાછળ અભ્યાસ અને સહવાસની મોટી પરંપરા ચાલી આવેલી હોય છે.

ઉપરના વિવેચન ઉપરથી આપણે જોઇ ગયા કે, વસ્તુનો જે સ્વ એટલે પોતાના અંગભૂત ગુણ હોય છે, તે ક્યારે પણ બદલાતો નથી તેમ મનુષ્યનું નથી. કારણ એની પાસે આત્મા છે. અને આત્માને જે બીજા અનેક ગુણો વળગેલા હોય છે એ બધા આગંતુક હોય છે. અને કારણવશાત્ એ જુદા થઇ શકે છે. પશુપક્ષીઓ કે કૃમિકીટકો પાસે પણ આપણા જેવો જ આત્મા વસે છે. પણ એમના આત્માનો વિકાસ ઘણો ધીમી ગતિથી થાય છે. મનુષ્યનો વિકાસ થવા માટે જેવી અનુકૂળતા અને સામગ્રી હોય છે તેવી સામગ્રી તેમની પાસે હોતી નથી. તિર્યંચ જીવોની સ્થિતિ આચરણા જે હજારો વર્ષ પહેલાં હતી તેવી જ અત્યારે પણ કાયમ જ છે. તેઓ પ્રગતિ સાધી શક્યા નથી. એનું કારણ એ છે કે, મનુષ્ય એ પ્રાણી બુદ્ધિ ધારણ કરેલો આત્મા હોય છે. એની પોતાની અને બીજાઓની પ્રગતિનો એ તોલ કરી શકે છે. અને પોતે પણ બીજાઓની પેઠે આગળ વધવા પ્રયત્નશીલ રહે છે. અને એના જ્ઞાન અને બુદ્ધિનો સારો જેવો વિકાસ થએલો હોય છે. એ ઉપરથી ફલિત થાય છે કે, આત્માનો ગુણ કે સ્વભાવ જ્ઞાનરૂપ છે. અગ્નિ, પાણી, વાયુ, કે આકાશના જેમ જુદા જુદા ગુણો છે તેમ આત્માનો જ્ઞાન એ ગુણ છે. આત્માની સાથે જ્ઞાન એકરૂપ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ ગએલું હોય છે. તેથી જ જ્ઞાન એ આત્માનો સ્વ-ભાવ છે.

જ્ઞાનને લીધે જ આપણે પોતાની સ્થિતિનું અવલોકન કરી શકીએ છીએ. અને પોતાની ખામી શું છે તેનો તોલ કાઢી શકીએ છીએ. અને એવું જ્ઞાન પ્રગટ થતાં આપણે વિકાસ કેવી રીતે સાધી શકાશે એનો વિચાર આપણે કરી શકીએ છીએ. અને એમ કરતાં આપણી બુદ્ધિ એમાં પ્રવેશ કરી શકતી ન હોય તો આપણા કરતાં વધુ અનુભવીનું માર્ગદર્શન આપણે શોધી શકીએ છીએ. દરેક વિષયના જ્ઞાતાઓ અને અનુભવીઓ જુદા જુદા હોય છે. શરીરનો વિકાસ સાધવો હોય ત્યારે કોઇ વૈદ્યની સલાહ લેવી પડે. અગર કોઈ તાલમબાજ હૃષ્ટપુષ્ટ માનવને પૂછવું પડે. વેપારમાં આગળ વધવું હોય ત્યારે જેઓએ વેપારમાં નામના મેળવી ધન ભેગું કર્યું હોય તેવા વેપારકુશલની આજ્ઞા માનવી પડે. અને એ રીતે અનેક વિષયોમાં આપણી ઐહિક ઉન્નતિ આપણે સાધી શકીએ, પણ આપણી આત્મિક ઉન્નતિને આડે આવતા કામ, ક્રોધ, મોહ, લોભ, રાગદ્વેષ વિગેરે પ્રબલ શત્રુઓ છે તેમને આપણા અંકિત કરી તેમને આપણી ઉપર આક્રમણ કરતા રોકી આપણું કહ્યું કરે એવા બનાવવા હોય અને આપણામાં દયા, શાંતિ, ક્ષમા, નિરહંકારવૃત્તિ, સરળતા, ઋજુતા અને સાત્વિકતા વિગેરે ગુણો પ્રગટાવવા હોય તો આપણે કોઇ સંત, મહાત્મા યોગી અને જ્ઞાનીઓની સોબત સાધવી પડશે. અને એ વિષયનો અધિકાર ધરાવનારા જ્ઞાનીઓએ પ્રમાણિત કરેલા ગ્રંથોનો આશ્રય લેવો પડશે. એવી રીતે આપણો જ્ઞાનગુણયુક્ત એવો જે 'સ્વભાવ' તે પ્રગટ કરવો પડશે. વાસ્તવિક રીતે જોતાં આપણે પોતે મહાન શક્તિધારી સિંહ જેવા છતાં બકરા અને ઘેટાના ટોળામાં રહી આપણો પોતાનો સ્વભાવ ભૂલી ગયા છીએ. આપણે મોહના નશામાં ગમે તેવું આડું અવળું બોલીને કરવા યોગ્ય નહીં એવા કાર્યો કરી રહ્યા છીએ. આપણી બુદ્ધિ બહેર મારી ગઇ છે. આપણને ભ્રમ થયો છે. અને તેથી જ આપણે કથીરને રૂપું માની બેઠા છીએ અને પિત્તળ આપણને સોનું ભાસે છે. કોઇ અવ્યવસ્થિત ચિત્તવાળા ગાંડા માણસ જેવી આપણી સ્થિતિ થઇ ગએલી છે. આપણું કોણ છે? અને પરકીય કોણ છે? એની ઓળખાણ આપણને રહી નથી. આપણે એવી સ્થિતિમાં આવી પડેલા છીએ કે આપણી પોતાની કેવી દશા થઇ ગઈ છે, એનો આપણે વિચાર કરવો જ પડશે. એ વિના ચાલે તેમ નથી. એવો વિચાર કરતાં રહીશું તો જ આપણો સાચો સ્વભાવ શું છે? અને એ સ્વભાવ રૂંધાઇ જવા માટે શું આડું આવી રહ્યું છે, એનું ભાન આપણને થશે. જેમ આપણા આત્માનો સ્વભાવ જ્ઞાનગુણમાં છે તેમ અજ્ઞાન આપણા આત્માનો પરભાવ છે.

માણસ પાસે જ્ઞાન હોવાને લીધે એ પ્રગતિ-સાધક પ્રાણી ગણાય છે. ઉંચે ચડી શકે એવી એની પાસે શક્તિ છે. મનુષ્યજન્મ એ એવી ઉન્નતિ કરી લેવાની અમૂલ્ય તક છે. એટલા માટે જ મનુષ્ય-ભવની દુર્લભતા કહેવામાં આવે છે. ઘણા દિવસોની તપશ્ચર્યા અને સાધનાઓનું ફળ એ માનવનો અવતાર છે. પોતાનો સ્વભાવ પ્રગટ કરવાનો અપૂર્વ અવસર છે. ઘણા દિવસોના ખડતલ પ્રવાસ પછી અકસ્માત મળેલું એ તારક વહાણ છે. અનેક જન્મોમાં પડતા અથડાતા લથડાતા હાથમાં આવી ગએલો અમૃતનો કુંભ છે. દેવોને પણ એ પ્રાપ્ત ન થાય એવો લહાવો લેવાનો અવસર છે. આત્માને ઓળખવાના સાધનો મેળવી લેવાનો એ સમય છે. શું આળસુ બની એ અવસર ચુકી જવાના? હાથમાં આવેલો પારસમણી શું આપણે ફેંકી દેવાના? લક્ષ્મી ચાંદલો કરવા આવી હોય ત્યારે આપણે પાછળ હટી મ્હોં ધોવાનો સમય માંગી લેવાના? વિમાન જેવું વાહન હાથમાં આવવા છતાં શું આપણે રખડીયું ગાડું શોધતા ફરવાના? અશક્યપ્રાય જણાતો સમય ગુમાવી શું આપણે એકાદ મહાનિંદ્રા લેતા પડી રહેવાના? આવો પ્રસંગ ક્યારે મળશે? આવા સાધનો બીજે ક્યા ભવમાં મળવાના? શું કરવા માંગો છો? પોતાનો મૂળ

For Private And Personal Use Only

આત્મસ્વભાવ પણ ઓળખવામાં આનાકાની કરવી છે ? ઝટ નક્કી કરી લ્યો. ગાડી ઉપડવા પછી ગમે તેટલો કરેલો વિચાર કાંઈ કામ આવવાનો નહીં. હજુ અવસર છે, ત્યાં સુધી જ વિચાર નક્કી કરી લેવાનો છે. 'અવસર બેર બેર નહીં આવે' એ ગુરુવચન હૃદયના પટ ઉપર કોરી રાખો !

આ બધું જાણવા અને સમજવા પછી પણ આપણે તો જ્યાંને ત્યાં જ રહેવાના છીએ. આપણી બધી શક્તિ ગળીયા બળદની પેઠે શૂન્ય જેવી થઈ ગઈ છે. આપણી બુદ્ધિ બહેર મારી ગઈ છે. આપણી બધી ભાવનાઓ બુઠ્ઠી થઈ ગઈ છે. આપણી આંખ ઉપરથી અજ્ઞાનની ઘોર નિદ્રાના પરિણામો કાયમ જ દેખાય છે. એમાંથી ઢંઢોળી આપણને જાગૃત કરવા માટે કોણ આવશે ? ફોગટ આશા રાખવી એ કેવળ અજ્ઞાનતા છે. આપણે સુસ્ત રહી ફરી ઉંઘી રહેવાના છીએ, એ નક્કી છે. આપણે રીઢા બની ગયા છીએ. અને આપણો પોતાનો એટલે આત્માનો સ્વભાવ ભૂલી ગયા છીએ. નિર્હેતુકપણે આપણે ગમે તેમ ભટકીએ છીએ. આપણે પોતે કોણ છીએ અને ક્યાં જવાના છીએ એનું આપણને ભાન પણ નથી. આવી દયનીય સ્થિતિ ક્યાં સુધી ચલાવી લેવાના છીએ ?

માટે જ એમ કહેવામાં આવે છે કે આપણે આપણો પોતાનો સ્વભાવ તપાસી તે પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે આપણે પોતાના નિત્ય વ્યવસાયમાંથી એકાદ કલાકનો સમય કાઢી એકાંતમાં મન સાથે પોતાની સ્થિતિ અને અવસ્થાનું અવલોકન કરતાં રહેવું જોઈએ. એ માટે સામાયક જેવું સુંદર અનુષ્ઠાન આપણા સદ્‌ગુરુઓએ શોધી કાઢેલું છે. એ અનુષ્ઠાન ઘણા જૈન બંધુઓ અને બહેનો કરે છે ખરા, પણ તેના હેતુ તરફ અને તેની શુદ્ધતા તરફ ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. કેવળ બાહ્ય અને યાંત્રિક ક્રિયા જેવું એ અનુષ્ઠાન થઈ જાય છે. એ ક્રિયા કરતી વખતે જે રસ પડવો જોઈએ, જે આનંદ આવવો જોઈએ અને જે સમાધાન પ્રગટવું જોઈએ તે પ્રગટ થાય છે કે નહીં તેનો વિચાર કરવો જોઈએ. અને એવો આનંદ આવે એ માટે પ્રયત્ન કરવો જોઈએ. એ માટે એ વિષયના જાણ જ્ઞાનીઓની સલાહ મેળવવી જોઈએ. એમ કરવાથી જ ઈષ્ટફલની પ્રાપ્તિ એટલે આપણા સ્વ-ભાવની ઓળખાણ થવાનો સંભવ છે. કષ્ટ ક્રિયાથી નહીં પણ અમૃતક્રિયાથી જ અનુષ્ઠાનની સિદ્ધિ થાય તેમ છે. એવી અમૃતક્રિયા બધાઓના હાથે થાય અને એમને પોતાના સ્વભાવની ઓળખાણ થઈ આત્મપ્રતિતી થાય એ જ શુભેચ્છા !

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૭ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

નવકાર–એ મંત્રમાં આવતા 'पञ्चनमुक्कारो' એ પદના ધ્યાનથી સાતમી 'ઇશિત્વ સિદ્ધિ'ની પ્રાપ્તિ થાય છે. ૨૭૨

નવકાર–એ મંત્રમાં આવતા 'मङ्गलाणं' એ પદના ધ્યાનથી આઠમી 'વશિત્વ સિદ્ધિ'ની પ્રાપ્તિ થાય છે. ૨૭૩

નવકાર–એ મંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ દૂર કરે છે. ૨૭૪

નવકાર–એ મંત્રનું એક પદ પચાસ સાગરોપમનું પાપ દૂર કરે છે. ૨૭૫

નવકાર–એ આખો મંત્ર પાંચસો સાગરોપમનું પાપ દૂર કરે છે. ૨૭૬

નવકાર–એ મંત્રને ગણનાર પ્રાણી નિખિલ નવકારના આઠ શ્વાસોશ્વાસમાં ઓગણીશ લાખ, ત્રેસઠ હજાર, બસો ને સડસઠ (૧૯૬૩૨૬૭) પલ્યોપમનું આયુષ્ય બાંધે છે. ૨૭૭

નવકાર–એ મંત્રને આઠ ક્રોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો ને આઠ (૮૦૮૦૮૮૦૮) વાર ગણનાર પ્રાણી, ત્રીજે ભવે સકલ કર્મનો ક્ષય કરી શાશ્વત મોક્ષ સુખને મેળવી શકે છે ૨૭૮

નવકાર–એ મંત્રના પ્રથમના પાંચ પદની અનાનુપૂર્વી ગણનાર પ્રાણી, છ મહિનાના ઉપવાસના ફળને પામે છે. ૨૭૯

નવકાર–એ મંત્રને પશ્ચાનુપૂર્વી પૂર્વક એક લાખ વાર ગણનાર પ્રાણી, સાંસારિક ક્લેશનો શીઘ્ર વિનાશ કરે છે. ૨૮૦

નવકાર–એ મંત્રને એક લાખ વાર ગણનાર અને તેની વિધિપૂર્વક પૂજા કરનાર પ્રાણી, તીર્થંકર નામ ગોત્રને બાંધે છે. ૨૮૧

નવકાર–એ મંત્રને નવ લાખ વાર ગણનાર પ્રાણી, નરકના દ્વારને સદંતર બંધ કરે છે. ૨૮૨

નવકાર–એ મંત્રમાં આવતા પંચપરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થયેલી સોળ અક્ષરની ('अरिहंत–सिद्ध–आयरिय उवज्झाय–साहु એ) વિદ્યાનો બસો વાર જાપ કરનાર પ્રાણી, એક ઉપવાસના ફળને પામે છે. ૨૮૩

નવકાર–એ મંત્રમાં આવતા 'अरिहंत–सिद्ध' એ છ અક્ષરનાં મંત્રને ત્રણસો વાર, 'अरिहंत' એ ચાર અક્ષરના મંત્રને ચારસો વાર અને 'अ' વર્ણના મંત્રને પાંચસો વાર એકાગ્રચિત્તથી ગણનાર પ્રાણી એક ઉપવાસના ફળને મેળવે છે. ૨૮૪

નવકાર–એ મંત્રના 'नमो अरिहंताणं' એ પદને આઠ પાંખડીવાળા શ્વેત કમળની કર્ણિકામાં, 'नमो सिद्धाणं' વગેરે ચાર પદોને ક્રમશઃ પૂર્વ પ્રમુખ ચાર દિશાની ચાર પાંખડીમાં, અને બાકી રહેલા 'एसो पंच–नमुक्कारो' વગેરે ચાર પદોને અનુક્રમે ચાર વિદિશાની ચાર પાંખડીમાં ચિંતવવાપૂર્વક મૌનપણે મન–વચન–કાયાની શુદ્ધિદ્વારા શ્રી નમસ્કાર મહામંત્રનું ૧૦૮ વાર ચિંતવન કરનાર પ્રાણી, ભોજન કરતાં છતાં પણ એક ઉપવાસના ફળને પામે છે. ૨૮૫

## 卐 વિભાગ ત્રીજો 卐

નવકાર એ મંત્રના સ્મરણાદિકથી પૂર્વે ભૂતકાળમાં અનેક આત્માઓ સુખ–સંપત્તિ ઋદ્ધિ–સિદ્ધિ આદિને પામ્યા છે, વર્તમાનકાળમાં અનેક પ્રાણીઓ પામતા જાય છે, અને ભવિષ્યકાળમાં પણ અનેક જીવો પામશે. ૨૮૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકાર–એ મંત્રના પ્રભાવથી સ્મશાન ભૂમિમાં શિવકુમારે સુવર્ણ પુરુષ સિદ્ધ કર્યો. ૨૮૭

નવકાર–એ મંત્રના પ્રભાવથી શ્રીપાલ મહારાજાનો કોઢનો રોગ સદંતર નિર્મૂલ થયો, અને તેઓ મયણાસુંદરી આદિ નવ રાણીઓ તથા રાજસંપત્તિ વગેરેને પામ્યા. ૨૮૮

નવકાર–એ મંત્રના પ્રભાવથી બીજોરાના વનથી સૂચિત જિનદાસ યોગ્ય જીવિતને પામ્યા. ૨૮૯

નવકાર–એ મંત્રના પ્રભાવથી કમઠ તાપસના અગ્નિકુંડમાં રહેલ કાષ્ઠમાં બળતો સર્પ, શ્રી પાર્શ્વકુમારના સાન્નિધ્યથી મૃત્યુ પામી ધરણેન્દ્ર થયો. ૨૯૦

નવકાર–એ મંત્રના પ્રભાવથી હુંડિક ચોર મૃત્યુ પામી હુંડિક યક્ષ થયો. ૨૯૧

નવકાર–એ મંત્રના પ્રભાવથી શૂળીએ ચઢેલો ચંડપિંગલ મૃત્યુ પામી રાજકુંવર થયો. ૨૯૨

નવકાર–એ મંત્રના પ્રભાવથી શ્રાવક પુત્રી શ્રીમતી દેવસાન્નિધ્યને પામી. ૨૯૩

નવકાર–એ મંત્રના પ્રભાવથી કંબલ ને સંબલ મૃત્યુ પામી સ્વર્ગગામી થયાં. ૨૯૪

નવકાર–એ મંત્રના પ્રભાવથી પારધી બાણથી વિંધાએલી સમળી મૃત્યુ પામી, સિંહલદ્વીપમાં સુદર્શના નામે રાજપુત્રી થઈ. ૨૯૫

નવકાર–એ મંત્રના પ્રભાવથી ભિલ્લ ને ભિલ્લડી દમ્પતી મૃત્યુ પામી, રાજા–રાણી થયા. ૨૯૬

નવકાર–એ મંત્રના પ્રભાવથી રાજા પાસે ભારોભાર સુવર્ણ લઈ ભોગ ચઢાવવા માટે માતાએ સોંપેલ પુત્ર અમરકુમાર, થના ઉપદ્રવમાંથી પાર ઉતરી ધર્મની પ્રભાવના કરવાપૂર્વક સંયમ અવસ્થામાં આવી કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં, માતાના જ હાથથી મૃત્યુ પામી દેવલોકના દિવ્ય સુખનો ભાગી બન્યો. ૨૯૭

નવકાર–એ મંત્રના પ્રભાવથી ચારુદત્ત પણ સ્વર્ગના સુખને પામ્યો. ૨૯૮

નવકાર–એ મંત્રના પ્રભાવથી અનેક આત્માઓ સંસાર સાગર તર્યા છે, તરે છે અને તરશે. ૨૯૯

નવકાર–એ મંત્રના પ્રભાવથી અનેક આત્માઓ મોક્ષના શાશ્વતા સુખો પામ્યા છે, પામે છે અને પામશે. ૩૦૦

## ઉપસંહાર

શાશ્વત એવા શ્રી નમસ્કાર મહામંત્રનો અચિંત્ય પ્રભાવ કોઈ અનેરો જ છે. તેનો ત્રણેય લોકમાં અનુપમ મહિમા અવર્ણનીય છે.

એ વિશ્વમાં સર્વદા સહુનો એક સરખો કેટલો બધો અસીમ ઉપકારક છે! સકલ ઋદ્ધિ–સિદ્ધિ સુખ–સંપત્તિ આદિનો કેટલો બધો દાયક છે! ગમે તેવા ઉપસર્ગો–ઉપદ્રવો, ગમે તેવી આફતો આપત્તિઓ–વિપત્તિઓ, ગમે તેવા રોગો ભયો દુઃખો કે દરિદ્રતા આદિનો કેટલો બધો વિનાશક છે! અને જગતની કઇ કઈ ઉપમાઓથી સમલંકૃત છે! વગેરેનું માત્ર દિગ્દર્શન ઉક્ત એ 'શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિક માળા'માં કરાવતાં, અને લખાણમાં મતિદોષથી થયેલ કોઈ પણ પ્રકારની ભૂલનો મિચ્છામી દુક્કડં આપતો વિરમું છું.

વિશ્વના સર્વ પ્રાણીઓ ક્ષણે ક્ષણે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ–ચિંતન–મનન–ધ્યાન અને તેનો જાપ પ્રમુખ કરવા પૂર્વક અનેક ઋદ્ધિ–સિદ્ધિ સુખ–સંપત્તિને પામે અને પ્રાંતે પરમપદને પ્રાપ્ત કરે એ જ અંતરની શુભેચ્છા.

**"શ્રી નમસ્કાર મહામંત્રને અમારા પ્રતિદિન કોટીશઃ નમન હો."**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૩૦ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૨૬) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય. આ ચાર દ્રવ્યોના જે આઠ મધ્ય પ્રદેશો છે તે રૂચક પ્રદેશો કહેવાય છે तत्र आकाशस्य अष्टौमध्यप्रदेशास्तु समभूतल-प्रदेशे मेरुमध्यस्था एवेति प्रसिद्धम् एव" તેમાં આકાશના આઠ મધ્ય પ્રદેશો તો સમભૂતલા પૃથ્વીને વિષે મેરૂપર્વતના મધ્ય ભાગમાં રહેલા છે એ પ્રસિદ્ધ છે; પરંતુ ધર્માસ્તિકાયના, અધર્માસ્તિ-કાયના ક્યાં રહેલા છે, તથા કેવલી સમુદ્‌ઘાતકાલે આઠ મધ્યપ્રદેશો ક્યાં રહે છે ૧, તથા તે આઠ આત્મપ્રદેશો કેટલા આકાશપ્રદેશને વિષે અવગાહીને રહે છે ૨, તથા તે આઠ આત્મપ્રદેશો કર્મથી લેપાય કે નહી તેને કર્મ લાગે કે નહિ ૩ ?

ઉ૦—ધર્મ અને અધર્માસ્તિકાયના જે આઠ મધ્યપ્રદેશો છે તે આકાશાસ્તિકાયના આઠ રૂચક પ્રદેશને વિષે હંમેશા રહે છે. કારણ કે તે બંનેના પ્રદેશો લોકાકાશના પ્રદેશ જેટલા તુલ્ય પ્રમાણવાળા છે. તે બંને દ્રવ્યો પોતાના પ્રદેશોવડે લોકાકાશના પ્રદેશોને વ્યાપીને નિશ્ચલ હંમેશા રહેલા છે, તથા જીવોના આઠ મધ્યપ્રદેશો તો પોતપોતાના શરીરના મધ્ય ભાગને વિષે જ હંમેશા હોય છે, કેવલી સમુદ્‌-ઘાત કાળમાં તો મેરૂપર્વતના મધ્યભાગમાં રહેલ આઠ રૂચક પ્રદેશને વિષે જ તેઓ પણ રહે છે, તે સિવાયના કાળમાં તે સ્થિર જ હોય છે. ૧, તથા તે આઠ જીવપ્રદેશો જઘન્યથી એક આકાશપ્રદેશમાં અવગાહીને રહે છે અથવા બે, ત્રણ, ચાર, પાંચ, છ પ્રદેશમાં અવગાહીને રહી શકે છે; કારણ કે તેઓનો સંકોચ વિકાસનો સ્વભાવ છે, ઉત્કૃષ્ટથી આઠ પ્રદેશમાં અવગાહીને રહે છે. એક એક પ્રદેશમાં અવગાહીને રહેવાથી, પરંતુ સાત પ્રદેશમાં અવગાહીને રહે નહી, તેવો સ્વભાવ હોવાથી ૨, તથા તે જીવના આઠ પ્રદેશો કર્મથી લેપાતા નથી, સ્થિર સ્વભાવ-વાળા હોવાથી, સર્વદા કર્મના આવરણથી રહિત જ હોય છે, બાકીના આત્મપ્રદેશો કર્મથી લેપાય છે જ. આવર્તમાન ઉંચાનીચા થતા જળની માફક નિરંતર ઉદ્‌વર્તન પરિવર્તનશીલ છે. ૩, આ બધાએ અર્થો ભગવતી અને સ્થાનાંગસૂત્રની ટીકામાં કહેલા છે, तथा च क्रमेण तत्पाठः—"अट्ठधम्मत्थिकायस्स मज्झपए सा इति" एते च रुचकप्रदेशाष्टकावगा-हिनोऽवसेया इति चूर्णिकार:

**ભાવાર્થ:**—ધર્માસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો આઠ રૂચક પ્રદેશોને અવગાહીને રહેલા છે એમ જાણવું, અત્ર જો કે ધર્માસ્તિકાય દ્રવ્ય લોકપ્રમાણ હોવાથી ધર્માસ્તિકાયાદિનો મધ્યભાગ રત્નપ્રભા પૃથ્વીના અવકાશાન્તરમાં જ હોય, રૂચકને વિષે ન હોય, પરંતુ દિશા અને વિદિશાની ઉત્પત્તિ રૂચક પ્રદેશથી થાય છે; તેથી ધર્માસ્તિકાયાદિનો મધ્ય ભાગ ત્યાં વિવક્ષેલ એમ સંભવે છે, "जीवत्थिकायस्सत्ति" પ્રત્યેક જીવોની સર્વ અવગાહનામાં તે આઠ જીવ-પ્રદેશો મધ્ય ભાગમાં હોય છે તેથી તે મધ્યપ્રદેશો કહેવાય છે, "एएसिणं भंते अट्ठजीवत्थिकायस्स मज्झपदेसा कतिसु आगासपएसु ओगाहंते ? गोयमा जहन्नेणं एक्कंसि वा दोहिं वा तिहिं वा चउहिं वा पंचहिं वा छहिं वा उक्कोसेणं अट्ठसु नोचेवणं सत्तसु त्ति" संकोच विकाशधर्मत्वात् "उक्कोसेणं अट्ठसुत्ति"

**ભાવાર્થ:**—હે ભગવંત ! આ આઠ જીવાસ્તિ કાયના મધ્યપ્રદેશો કેટલા આકાશપ્રદેશમાં અવગાહીને રહે છે ? ઉત્તર—હે ગૌતમ જઘન્યથી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પ્રદેશમાં રહે છે, ઉત્કૃષ્ટ આઠ આકાશ-પ્રદેશમાં અવગાહીને રહે છે, પણ સાત પ્રદેશમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવગાહીને ન રહે, વસ્તુનો એવો સ્વભાવ છે. આ પ્રમાણે ભગવતીસૂત્રના શતક ૨૫ ઉદ્દેશો ૪માં કહ્યું છે. ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાયના આઠ મધ્યપ્રદેશો રૂચકરૂપ જાણવા, જીવના આઠ મધ્યપ્રદેશો પણ કેવલી સમુદ્ઘાતમાં રૂચક પ્રદેશને વિષે રહેલા જાણવા. તે સિવાયના કાળમાં આ આઠ જીવપ્રદેશો અવિચલ જાણવા. બાકીના જીવપ્રદેશો તો આવર્તમાન જળની માફક નિરંતર ઉદ્વર્તન પરિવર્તન સ્વભાવવાળા જાણવા, આ પ્રમાણે સ્થાનાંગસૂત્રની ટીકામાં કહેલ છે, તથા આત્મા પંદર યોગવડે આઠ જીવપ્રદેશોને છોડીને ઉદ્વર્તન પરિવર્તનશીલ સર્વ આત્મપ્રદેશોવડે જીવ જે આકાશપ્રદેશમાં અવગાહીને રહેલ હોય તે આકાશપ્રદેશમાં અવગાહીને રહેલા કાર્મણ શરીરને યોગ્ય જે કર્મદલિકને બાંધે છે તે પ્રયોગકર્મ કહેવાય છે. આ પ્રમાણે આચારાંગસૂત્રની ટીકામાં કહેલ છે, તથા–स्पृश्यन्ते कर्मणा तेऽपि-प्रदेशा आत्मनो यदि ॥ तदा जीवो जगत्यस्मिन् नजीवत्वमवाप्नुयात् ॥ १ ॥

**ભાવાર્થ:**–જો આત્માના આ આઠ મધ્યપ્રદેશો કર્મવડે સ્પર્શાય તો આ જગતને વિષે જીવ તે અજીવપણું પામે એમ જ્ઞાનદીપિકામાં કહેલ છે.

**પ્ર૦**—(૧૨૭) જીવ, અજીવ આદિ નવ તત્વો સ્થાનાંગાદિ શાસ્ત્રમાં કહેલા છે, પરંતુ જીવ અજીવ સિવાય પુન્યાદિ સાત તત્વો નથી તેવું જ ઘટે છે તથાપિ–પુણ્ય અને પાપ એ બે કર્મરૂપ છે, બંધ પણ કર્મરૂપ છે, અને કર્મ એ પુદ્ગલોનો પરિણામ છે, અને પુદ્ગલો અજીવ છે, આશ્રવ તો મિથ્યાદર્શનાદિરૂપ જીવનો પરિણામ છે, અને તે આત્મા કે પુદ્ગલને છોડીને બીજું શું હોઇ શકે, સંવર પણ આશ્રવના નિરોધ લક્ષણ દેશ અને સર્વના ભેદવાળો છે અને તે આત્માનો નિવૃત્તિરૂપ પરિણામ છે, નિર્જરા તો કર્મના પરિશાટ રૂપ છે, જીવ પોતાની શક્તિવડે કર્મોનું પૃથક્પણું કરે તે, મોક્ષ પણ, સર્વ કર્મરહિત આત્મારૂપ જ છે, માટે જીવ અજીવરૂપ બે જ તત્ત્વ છે, પુન્યાદિરૂપ બીજા સાત તત્ત્વ નથી ?

**ઉ૦**—જીવ અજીવરૂપ બે જ તત્ત્વ છે, આ વાત સત્ય છે. સામાન્યથી જીવ અજીવ પદાર્થો જ સૂત્રમાં કહેલ છે, પરંતુ વિશેષથી તે બે પદાર્થો જ નવ પ્રકારે કહ્યા છે, વસ્તુ સામાન્ય અને વિશેષરૂપ હોય છે, તે એવી રીતે–આશ્રવથી કર્મનો બંધ થાય અને તે પુન્ય પાપરૂપ હોય છે. આ તત્ત્વો સંસારના કારણભુત છે, સંવર અને નિર્જરા આ તત્ત્વો મોક્ષના કારણ છે, સંસારના કારણોનો ત્યાગ કરવાવડે આ સંવર અને નિર્જરાના તત્ત્વો પ્રવર્તે છે. એટલે એમાં આત્માની પ્રવૃત્તિ થાય છે, તે સિવાય થતી નથી. આ કારણથી આશ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર નિર્જરા. આ છ તત્ત્વોનો ઉપન્યાસ કર્યો છે, અને મુખ્ય સાધ્ય જણાવવાને માટે મોક્ષ તત્ત્વનો ઉપન્યાસ કર્યો છે, આ સર્વ અર્થ સ્થાનાંગસૂત્રની ટીકાને અનુસારે લખ્યો છે.

**પ્ર૦**—(૧૨૮) પડશીતિકર્મગ્રંથમાં "मणणाण चक्खुवज्जा अणाहारे" આ ગાથાની અંદર મનઃપર્યવ જ્ઞાન અને ચક્ષુદર્શનને છોડીને બાકીના દશ ઉપયોગો અનાહારકને વિષે હોય છે. આ પ્રમાણે કહેતા આચાર્યે વિગ્રહ ગતિ આદિમાં ચક્ષુદર્શનનો નિષેધ કરેલ છે અને અચક્ષુદર્શનનો સ્વીકાર કરેલ છે તે કેવી રીતે ઘટે છે? અનાહારક અવસ્થામાં તો ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન બંનેનો અસંભવ છે तथाहि–चक्खुदिट्ठि अचक्खुसेसिंदियेति વચનાત્ જેવી રીતે ત્યાં ચક્ષુ ઇન્દ્રિયનો ઉપયોગ નથી તેવું બાકીની ઇન્દ્રિયોનો પણ ઉપયોગ નથી. તે સમયે યુગલિયાના અધિકારમાં પણ કહેલ છે.

**ઉ૦**—ઇન્દ્રિયની અપેક્ષા વિનાનું, સામાન્ય ઉપયોગ માત્ર પણ અચક્ષુદર્શન શબ્દવડે કહેવાય છે, તે સમયે તે જીવને સામાન્ય ઉપયોગ હોય છે માટે કહેલ વાક્યમાં દોષને અવકાશ નથી.

**શંકા**–ભગવતીસૂત્રના ૧૩ મા શતકમાં પહેલા ઉદ્દેશામાં "चक्खुदंसणी न उववज्जंति त्ति" ઇન્દ્રિયના ત્યાગવડે ત્યાં ઉત્પન્ન થાય છે તો પછી અચક્ષુદર્શની કેમ ઉત્પન્ન થાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कविवर समयसुन्दर रचित अप्रकाशित गीत

( ले. अगरचंद नाहटा )

सतरहवीं शताब्दी में महोपाध्याय समयसुंदर राजस्थान व गुजरात के उल्लेखनी कवि हो गये हैं। उनके रचित साहित्य की सूचि बहुत लंबी है। केवल छोटी-२ भाषा कृतियों का एक संग्रह 'समयसुंदर कृति कुसुमांजली' के नाम से चार वर्ष प्रकाशित किया था। उनमें उनकी ५६४ रचनायें प्रकाशित की गई थीं, जिन्हें हमे करीब २५ वर्ष तक बहुत से ज्ञान भण्डारों की खोज करते हुए प्राप्त की थीं। इसके बाद झंडियाला गुरू के जैन भन्डार का अवलोकन करने के लिए अम्बाला जाना पडा तो वहाँ एक प्रति समयसुंदरजी रचित गीतों की और मिली जिस में २०३ अप्रकाशित गीत थे। इसी तरह अन्य प्रतियों में भी कुछ गीत और स्तवन मिले। इन पांचों रचनाओं को अप्रकाशित होनेसे यहाँ प्रकाशितकिया जा रहा है।

समयसुंदरजी की बड़ी-२ और विशिष्ट रचनाओं को संक्षिप्त परिचय उपरोक्त ग्रंथ में दिया गया था उसके बाद कुछ ग्रंथ और मिले हैं जिनका परिचय फिर कभी दिया जायगा। वास्तव में इनकी रचनाएं इधरउधर बहुत बिखर गई हैं अतः अलग-अलग भण्डारों से अज्ञात रचनाओं की उपलब्ध होती रहती है। जिन सज्जनों को हमारे उक्त ग्रंथहे अनुलिखित रचनाएँ प्राप्त हों वे हमें जानकारी देने की कृपा करें।

## समयसुन्दरजी के अप्रकाशित गीत

१ जीव प्रतिबोध गीतम् ( राग आइया )

जलन झुंपरियां का तूं सूतउ, बेगइ जागि नहीं तउ विगूतउ ॥ १ ॥ जा०
कारिमा कुटंब कादम मांहे खूतउ, हारइ कां तुं जन्म हाहू तउ ॥ २ ॥ जा०
( कहे ) लालचि लोभ मइल्धूतउ. 'समयसुंदर' कहइ जागि जीव तुं तउ ॥ ३ ॥ ज०

इति जीव प्रतिबोध गीतं ॥ ६३ ॥

२ परोपगार गीतं ( राग-मारुया )

ए उत्तम पुरुष कहीकजइ एहवा, धन तेह नउ अवतार।
कपूर अगर चन्दन कस्तूरी, पीडंता पणि सुखकार रे ॥ १ ॥ ए० ॥

---

**સમાધાન**-ઇન્દ્રિયની અપેક્ષા વિનાનું સામાન્ય ઉપયોગ માત્ર અચક્ષુદર્શન શબ્દનો વિષય ત્યાં ઉત્પાદ સમયે વિદ્યમાન છે એટલે અચક્ષુદર્શનવાળા ઉત્પન્ન થાય છે એમ કહેવાય છે; માટે વિગ્રહ ગતિમાં જીવને અચક્ષુદર્શન હોય છે.

**પ્ર૦**—(૧૨૯) બધાએ યુગલિક મનુષ્યોનો કેટલો આયુષ્ય બાકી રહે ત્યારે પુત્ર ઉત્પન્ન થાય?

**ઉ૦**—છ મહિનાનો આયુષ્ય બાકી રહે ત્યારે તેઓને પુત્રનો જન્મ થાય, પછી તેઓ ૪૯, ૬૪, ૮૧. દિવસ સુધી પુત્રનું પાલન કરે છે. પહેલા આરાના સ્વરૂપના અધિકારમાં જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં અંતરદ્વીપના અધિકારમાં અને જીવાભિગમસૂત્રમાં "छम्मासावसेसाउआ जुगलं पसवंति त्ति" છ મહિનાનો આયુષ્ય બાકી રહે ત્યારે પુત્રપુત્રીરૂપ યુગલને જન્મ આપે છે. युग्मं सुतसुतारूपं षण्मासशेषजीविताः ॥ प्रसूययान्ति त्रिदिवमेते मृत्वा समाधिना ॥ २० ॥

**ભાવાર્થ**-છ માસનું આયુષ્ય બાકી રહે ત્યારે પુત્રપુત્રીરૂપ યુગલને જન્મ આપીને સમાધિપૂર્વક મરીને એઓ સ્વર્ગે જાય છે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आंया आंवणा करइ काम सकज पणि परनी न करइ सार रे ।
भार भूत पृथिवी माता नइ, ते कांइ सरज्या करतार रे ॥ २ ॥ ए० ॥
नगरशेठ ते नर अधिकारी, पुरुष रतन ते अपार रे ।
'समयसुन्दर' कहइ ते नर साचा, जे पर नइ करइ उपगार रे ॥ ३ ॥ ए० ॥

इति परोपगार गीत ।

३ चेतन शिक्षा ( राग-धन्याश्री )

चेतन अब यह कारिज कीजै ।
तजि जड़ संग अनादि संयोगी, निज पद वास वसीजइ ॥ १ ॥ चे०
इह जड़ प्रगट वीस गुनधारी, खिण खिण अंतर छीजै ।
तुं तउ गुपति अनादि त्रिगुणमय, कैसी प्रीति वहीजै ॥ २ ॥ चे०
मटक सुं छंद दिखावै अवसर, यद्यपि बहु पोसीजै ।
विण स्वारथ खिण काम न आवै, ते साजण न कहीजै ॥ ३ ॥ चे०
करि अनुभव निज सपंद केरौ, ज्युं इह दुष्ट ठगीजै ।
'समयसुन्दर' कहे सुणि जीउ मेरे, ज्ञान सुधा रस पीजै ॥ ४ ॥ चे०

## चार तीर्थंकर प्रतिमागीत

( राग-भयरव )

सासता तीर्थंकर च्यार, मनवंछित सु विना दातार ॥ १ ॥ सा०
वांदूं रिषमानंद व्रद्धमान, चंद्रानन वारिषेण प्रधान ॥ १ ॥ सा०
स्वर्ग मृत्य अनै पाताल, त्रिभुवन प्रतिमा नमुं त्रिकाल ॥ २ ॥ सा०
पांचसै धनुषनै देह प्रमाण, कांचन वर्णो काया जान ॥ ३ ॥ सा०
अनादि अनंत एहीज नामठाम, समयसुंदर करि नित प्रणाम ॥ ४ ॥ सा०

इति सासता ॥ ४ ॥ च्यारर तीर्थंकर प्रति गीतं ।

## मौन इग्यारसी लघू स्तवन

मौन इग्यारसी मोहम् पर्व, अठ पहुरी पोषउ करइं सर्व ।
मौनपणुं पालइ निस दीस, ध्यान चारइं एक तुं जगदीश ॥ १ ॥
तप करइं वरस इग्यारह सीम, जाव जीव करइं के नेम ।
पारणइं पहिला भइं अणगार, साहमिनौ करइं भगति अपार ॥ २ ॥
पूजमणुं करइ अति श्रीकार, ज्ञानना उपग्रण इग्यार इग्यार ।
देहरइ स्नात्र नइ पूजा करइं, सरवरउ ठोणउ आगइ चारइं ॥ ३ ॥
मौन इग्यारसी नउ अधिकार, पारसनाथ प्ररुप्यउ सार ।
समयसुन्दर कहइ करिस्यइ जिके, मुगति तिणा सुख लइ एमइं तिके ॥ ४ ॥

इति श्री मौन इग्यारसी लघु स्तवनम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

[ લેખાંક ૬ : ચોત્રીશ અતિશયો ( ચાલુ ) ]

શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ચોત્રીશ અતિશયોને અંગેનું **સમવાય, પવયણસારુદ્ધાર** અને **અભિધાનચિંતામણિ** એ ત્રણ કૃતિઓમાં જે કથન છે તેનું સંતુલન થઇ શકે તે માટે એ અતિશયોનાં નામ વર્ગીકરણપૂર્વક હું નીચે મુજબ કોષ્ટક દ્વારા રજૂ કરું છું:—

## (અ) સહજ અતિશય

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પવયણસારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૧ (અ) | શરીરના રોગથી મુક્તતા | ૨ | ૨ | ૧ | ૧ |
| ૧ (આ) | શરીરની મેલથી રહિતતા | ૨ | ૨ | ૧ | ૧ |
| ૧ (ઇ) | શરીરની પ્રસ્વેદથી રહિતતા | × | × | ૧ | ૧ |
| ૧ (ઈ) | શરીરના રૂપની અદ્ભુતતા | × | × | × | ૧ |
| ૧ (ઉ) | શરીરના સુગંધની અદ્ભુતતા | × | × | × | ૧ |
| ૨ (અ) | માંસની શ્વેતતા | ૩ | ૩ | ૨ | ૩ |
| ૨ (આ) | માંસમાં દુર્ગંધનો અભાવ | × | × | × | ૩ |
| ૨ (ઇ) | લોહીની શ્વેતતા | ૩ | ૩ | ૨ | ૩ |
| ૨ (ઈ) | લોહીમાં દુર્ગંધનો અભાવ | × | × | × | ૩ |
| ૩ (અ) | ઉચ્છ્વાસની સુગંધતા | ૪ | ૪ | ૪ } (શ્વાસ) | ૨ } (શ્વાસ) |
| ૩ (આ) | નિઃશ્વાસની સુગંધતા | ૪ | ૪ | ૪ } (શ્વાસ) | ૨ } (શ્વાસ) |
| ૪ અ | આહારની ચર્મચક્ષુવાળાને અદૃશ્યતા | ૫ | ૫ | ૩ | ૪ |
| ૪ આ | નીહારની ચર્મચક્ષુવાળાને અદૃશ્યતા | ૫ | ૫ | ૩ | ૪ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (આ) કર્મક્ષયજ અતિશયો

| ક્રમાંક | અતિશય | સમવાય (બૃહદ્ વાચના) | સમવાય (લઘુ વાચના) | પવયણસારુદ્ધાર | અભિધાન-ચિન્તામણિ |
|---|---|---|---|---|---|
| ૫ | ભામંડળ | ૧૨ | ૧૨ | ૧૫ | ૭ |
| ૬ (અ) | સ્વરની હૃદયંગમતા | ૨૧ | ૨૧ | × | × |
| ૬ (આ) | સ્વરની વ્યાપકતા | ૨૧ | ૨૧ | × | ૬ |
| ૭ | અદ્ધમાગધીમાં ઉપદેશ | ૨૨ | ૨૨ | × | × |
| ૮ | ભાષાની પરિણામિતા | ૨૩ | ૨૩ | ૬ | ૬ |
| ૯ | વેરની શાંતિ | ૨૪ | ૨૩ | ૮ | ૯ |
| ૧૦ | અજૈનો દ્વારા વંદન | ૨૫ | ૨૫ | × | × |
| ૧૧ | અજૈનવાદીઓની નિરુત્તરતા | ૨૬ | ૨૬ | × | × |
| ૧૨ | ઈતિનો અભાવ | ૨૭ | ૨૭ | ૧૨ | ૧૦ |
| ૧૩ | મારિનો અભાવ | ૨૮ | ૨૮ | ૧૧ | ૧૧ |
| ૧૪ | સ્વચક્રના ભયનો અભાવ | ૨૯ | ૨૯ | ૧૦ | ૧૫ |
| ૧૫ | પરચક્રના ભયનો અભાવ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૫ |
| ૧૬ | અતિવૃષ્ટિનો અભાવ | ૩૧ | ૩૧ | ૧૩ | ૧૨ |
| ૧૭ | અનાવૃષ્ટિનો અભાવ | ૩૨ | ૩૨ | ૧૪ | ૧૩ |
| ૧૮ | દુષ્કાળનો અભાવ | ૩૩ | ૩૩ | ૯ | ૧૪ |
| ૧૯ અ | ઔત્પાતિકોનો નાશ | ૩૪ | ૩૪ | × | × |
| ૧૯ આ | રોગોનો નાશ | ૩૪ | ૩૪ | ૭ | ૮ |

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા

## ( ૧ ) પદ્ય વિભાગ


| અનુક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સતી સૂક્તષોડશિકા | ( પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ) | ૧, ૧૭, ૩૩ |
| ૨ | નવા વર્ષની ભાવના | ( શ્રી બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર ) | ૨ |
| ૩ | નૂતન વર્ષાભિનંદન | ( મુનિ હેમચંદ્રવિજય ) | ૨ |
| ૪ | શ્રી જૈનધર્મ પ્રકાશ તેજ હંમેશ વૃદ્ધિ પામો | ( તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૩ |
| ૫ | જૈનધર્મ પ્રકાશ જય પામો | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૪ |
| ૬ | શ્રી જૈનધર્મ પ્રકાશ જયવંતુ રહો | ( દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી ) | ૫ |
| ૭ | સિદ્ધચક્રની વધાઈ | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૫ |
| ૮ | મહાદાની મમ્મણ શેઠ | ( બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર ) | ૧૮ |
| ૯ | ઐન્દ્ર–સ્તુતિ–ચતુર્વિંશતિકા | ( અનુ–મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ) | ૧૯, ૩૪ |
| ૧૦ | સિદ્ધચક્રની આરતી | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૩૬ |
| ૧૧ | આદિનાથ જિન સ્તવન | ( મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી ) | ૪૯ |
| ૧૨ | શ્રી પાર્શ્વનાથ સ્તુતિ | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૫૦ |
| ૧૩ | श्री कापरडामंडन स्वयंभू पार्श्वनाथ स्तवन | ( तेजराज लक्ष्मीचंद ) | ૫૦ |
| ૧૪ | અજિતનાથ જિન સ્તવન | ( મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી ) | ૬૫ |
| ૧૫ | શ્રી મહાવીર જિન સ્તુતિ | .... .... .... | ૬૬ |
| ૧૬ | મહાવીર જિન સ્તુતિ | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૬૬ |
| ૧૭ | શ્રી નવપદજીનું સ્તવન | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૬૭ |
| ૧૮ | તત્ત્વજ્ઞાન યોગભૂમિકા | ( શાહ સવાઈલાલ જાદવજી ) | ૮૧ |
| ૧૯ | તત્ત્વોના ભેદો | ( શ્રી સવાઈલાલ જાદવજી ) | ૯૭ |
| ૨૦ | શ્રી પાર્શ્વનાથનું સ્તવન | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૯૮ |
| ૨૧ | અધ્યાત્મ પદ | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૯૮ |
| ૨૨ | પર્યુષણપર્વનું સ્તવન | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૧૧૩ |
| ૨૩ | પર્યુષણપર્વનું સ્તવન | ( મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી ) | ૧૧૪ |
| ૨૪ | બંધન | ( બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર ) | ૧૧૫ |
| ૨૫ | જીવના લક્ષણો .... .... | .... .... .... | ૧૨૯ |
| ૨૬ | જ્ઞાની ગુરૂનો ઉપદેસ | ( મુનિરાજશ્રી મનમોહનવિજયજી ) | ૧૩૦ |
| ૨૭ | શ્રાવકની ઓળખ | ( ,, ) | ૧૩૦ |
| ૨૮ | કેવું આશ્ચર્ય ? | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૧૩૧ |
| ૨૯ | कविवर समयसुन्दररचित अप्रकाशित गीत | ( अगरचंद नाहटा ) | ૧૩૯ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( ૨ ) ગદ્ય વિભાગ


| અનુક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન | (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) | ૬ |
| ૨ | અધૂરું સ્વપ્ન ॥ ૩ ॥ | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૮ |
| ૩ | ધર્મના અધિકારની વિશેષતા | (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ) | ૧૦ |
| ૪ | તીર્થંકર વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો | (હીરાલાલ ર. કાપડિયા) | ૧૩, ૧૫, ૪૧, ૫૯, ૭૯, ૧૪૧ |
| ૫ | શ્રી નમસ્કાર મહામંત્ર મૌક્તિકમાલા | (પંન્યાસ સુશીલવિજયજી ગણિવર્ય) | ૨૦, ૩૫, ૫૬, ૭૫, ૮૮, ૧૦૨, ૧૩૫ |
| ૬ | શ્રી ઉત્તરાધ્યયન(સૂત્ર)ની ઉપમાઓ | (મુનિરાજશ્રી મૃગેન્દ્રમુનિજી) | ૨૨ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ | (અનુ.-આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ) | ૨૮, ૪૪, ૬૧, ૧૦૭, ૧૩૭ |
| ૮ | દાંભિકતા | (બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૩૦ |
| ૯ | ચેતી શકે તો ચેતી લે ચેતન | (હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી) | ૩૧ |
| ૧૦ | સત્યનો મહિમા | (મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી) | ૩૬ |
| ૧૧ | સાગરતરંગ | (શ્રી બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૩૯ |
| ૧૨ | रत्नमंडनगणिकृत सारस्वतोल्लास काव्य | (अगरचन्द नाहटा) | ૪૩ |
| ૧૩ | જિનદર્શનની તૃષા | (ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) | ૪૬, ૬૩, ૧૨૨ |
| ૧૪ | મહાયાત્રાના અનુભવો | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૫૧, ૭૨ |
| ૧૫ | ગુણગ્રાહકતા | (શ્રી બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૫૩ |
| ૧૬ | શ્રી વર્ધમાન મહાવીર | (મૌક્તિક) | ૬૮, ૧૧૬ |
| ૧૭ | શ્રેયસ અને પ્રેયસ | (બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૭૭ |
| ૧૮ | આપણી પાંચ કલ્યાણક ભૂમિઓ | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૮૨ |
| ૧૯ | વેપારી બુદ્ધિ | (બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૮૫ |
| ૨૦ | જ્ઞાન સમુદ્ર જેવું છે, આપણું પાત્ર નાનું છે | ( ,, ) | ૯૯ |
| ૨૧ | महिमाप्रभसूरिचरित रतिरहस्य टीका | (अगरचंद नाहटा) | ૧૦૫ |
| ૨૨ | સમતા | (બાલચંદ હીરાચંદ-સાહિત્યચંદ્ર) | ૧૨૦ |
| ૨૩ | પર્યુષણ મહાપર્વની ફલવાચકતા | (ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ) | ૧૨૬ |
| ૨૪ | સ્વ-ભાવ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૨ |


## ( ૩ ) પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧ | શ્રી નિરંજન વિનાયક શાહ | ૧૫ |
| ૨ | પુસ્તકોની પહોંચ | ૧૬, માગશર ટા. પે. ૩, ફાગણ ટા. પે. ૩, ૯૫, અષાડ ટા. પે. ૩ |
| ૩ | કોન્ફરન્સનું એકવીશમું અધિવેશન | ૯૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| ૪ | લુધિયાના અધિવેશને કરેલા ઠરાવો | ૨૧૦ |
| ૫ | મોહનલાલ દીપચંદનો સ્વર્ગવાસ | શ્રાવણ ટા. પે. ૨ |
| ૬ | ભાવનગરમાં ઉજવાયેલ ત્રણ પ્રસંગો | શ્રાવણ ટા. પે. ૩ |
| ૭ | વાર્ષિક અનુક્રમણિકા .... .... .... .... | ૧૪૩ |
| ૮ | પર્યુષણ સમાચાર .... .... .... | આસો ટા. પે. ૩ |


## પર્યુષણના સમાચાર

આ વર્ષે પૂજ્ય મુનિરાજોની જોગવાઈ સારી હોવાથી શહેરમાં સમોવસરણના વડે તથા દાદાસાહેબ પ્લોટમાં તેમજ અન્ય સ્થળે તપશ્ચર્યાઓ, પ્રભાવના, રાત્રિજગો વગેરે પ્રસંશનીય થયા હતા.

સુપન વગેરેની ઉપજ સારા પ્રમાણમાં થઈ હતી, તપશ્ચર્યામાં ચાર માસખમણ, પંદર ઉપવાસ, અઠ્ઠાઈઓ તેમજ બીજી નાની મોટી તપશ્ચર્યાનો સુમાર ન હતો. ચોસઠ પહોરી પોસામાં સારા પ્રમાણમાં ભાઈઓ જોડાયા હતા એકંદરે આઠ દિવસ એકલું ધાર્મિક વાતાવરણ જ નજરે પડતું હતું.

ભાદરવા શુદ પાંચમને દિવસે તપસ્વીઓનો, શ્રી સંઘનો દબદબાભર્યો વરઘોડો નીકળ્યો હતો અને છઠ્ઠને દિવસે દલાલ વ્રજલાલ ભીખાભાઈ તરફથી વરઘોડો ચઢ્યો હતો. તે બન્ને પ્રસંગોમાં જનતાએ ઉલટભેર ભાગ લીધો હતો.

પાંચમને દિવસે સાંજના મૂળ ભાવનગરનિવાસી અને હાલ મુંબઈ રહેતા શેઠ જાદવજી નરશીદાસના સુપુત્રો તરફથી પંદરેક હજાર માણસનું સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

શહેરમાં પંન્યાસશ્રી સુબોધસાગરજી આદિની નિશ્રામાં પર્વારાધના સુંદર થવા ઉપરાંત સ્વામિભાઈઓને સહાયતાર્થે એક સારું એવું ફંડ કરવામાં આવ્યું હતું.

દર વર્ષની માફક શ્રી વર્ધમાન આયંબિલ તપ વગેરે સંસ્થાઓનું ફંડ પણ ઠીક થયું હતું.

એકંદરે આ વર્ષની ભાવનગરની આરાધના અનુમોદનીય અને પ્રશંસનીય હતી.

## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગર નિવાસી શાહ દુર્લભદાસ વલ્લભદાસ ૭૫ વર્ષની ઉમરે ભા. શુદ ૨ બુધવારના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી છેલ્લા કેટલાક વર્ષોથી ધંધામાંથી નિવૃત્ત થઈને ધાર્મિક જીવન જીવતાં હતાં. સ્વભાવે ભદ્રિક અને પરગજુ હતાં, તેઓ આપણી સભાના વર્ષોથી લાઈફ મેમ્બર હતાં. તેમના સ્વર્ગવાસથી અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.


સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ

**જ્ઞાનસાર**–ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો

મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા

મૂલ્ય રૂા. ચાર
અગાઉથી ગ્રાહક થનાર માટે
રૂા. સાડાત્રણ

ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ–૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only